પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 11-09-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : FRIDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****

1) વિધાનસભાના ચોમાસું સત્રનું સમાપન - ત્રણ મહત્વના વિધેયક પસાર.
2) કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલનું નિવેદન - રાજ્ય સરકાર વૈજ્ઞાનિક મૂલ્યાંકનને આધારે દુષ્કાળની સ્થિતિ અંગે નિર્ણય લેશે.
3) મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે 18 વર્ષ પૂર્ણ કરનાર દરેક નાગરિકને મતદાર યાદીમાં નામ નોંધાવવા અનુરોધ કર્યો.
4) પવિત્ર શ્રાવણ માસના છેલ્લા દિવસે શિવમંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર.
5) રાજ્યમાં આવતીકાલથી ચાર દિવસ ભારે વરસાદની આગાહી.
6) પંચમહાલની છાયલ પરમારે સ્પેશિયલ ઓલિમ્પિક્સ ઈસ્ટ એશિયા રિજનલ બોલિંગ સ્પર્ધામાં બે સુવર્ણ ચંદ્રક જીત્યા..

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

VIDHANSABHA BILL - 1

ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રના અંતિમ દિવસે આજે 3 મહત્વના વિધેયક પસાર થયા. ગૃહમાં 'ગુજરાત ભાડા વિધેયક-2026' આજે સર્વાનુમતે પસાર થયું. આ વિધેયકથી વિવાદોના ઝડપી નિકાલ માટે ભાડા સત્તામંડળ, ભાડા અદાલત અને ભાડા ન્યાયપંચ એમ ત્રિ-સ્તરીય ન્યાયિક વ્યવસ્થા અસ્તિત્વમાં આવશે. આ વિધેયકમાં મકાન ભાડે આપવા-લેવા માટે હવે લેખિત ભાડા કરાર ફરજિયાત કરવાની જોગવાઈ કરાઇ છે. તેમજ ભાડા કરાર થયાના બે મહિનામાં ભાડા સત્તાધિકારીને તેની જાણ કરવી પડશે. ઉપરાંત ભાડૂઆત પાસેથી સિક્યોરિટી ડિપોઝિટ તરીકે ત્રણ મહિનાના ભાડાથી વધુ રકમ લઈ શકાશે નહીં.

ગૃહમાં આજે ગુજરાત ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ વિધેયક, 2026’ પણ બહુમતીથી પસાર થયું. આ વિધેયકના માધ્યમથી વિવિધ પાંચ કાયદાઓની 12 જોગવાઈઓમાં સુધારા કરી નાગરિક અને ઉદ્યોગ મૈત્રીપૂર્ણ બનાવાઇ છે. વિધેયક રજૂ કરતા ઉદ્યોગ રાજ્ય મંત્રી ડૉ.જયરામ ગામીતે જણાવ્યું કે આ વિધેયકથી નાગરિકો અને ઉદ્યોગો પરનો નિયમનકારી બોજ ઘટશે. બીજી તરફ આજે ગુજરાત ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને એકત્રીકરણ કરવા બાબત સુધારા વિધેયક,

VIDHANSABHA BILL - 2

2026 ગૃહમાં સર્વાનુમતે પસાર થયું. મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આઝાદી પછી પ્રથમવાર 'ટુકડા ધારા-૧૯૪૭'માં વ્યાપક સુધારા કરાયા જેનાથી 75 વર્ષ જૂની જટીલતાનો અંત આવશે. આ સુધારા વિધેયકમાં 1948થી અત્યાર સુધી થયેલા તમામ ટુકડા ધારાના ભંગ કોઈપણ પ્રકારના દંડ વિના નિયમબદ્ધ કરવામાં આવશે.

RUSHIKESH DROUGHT

રાજ્યમાં ઓછા વરસાદની સ્થિતિ અંગે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના દુષ્કાળ વ્યવસ્થાપન મેન્યૂઅલ મુજબ કાર્યવાહી કરી રહી છે અને તેના આધારે જ દુષ્કાળ અંગે નિર્ણય લેવાશે. ગાંધીનગરમાં વિધાનસભા પરિસરમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે ખેડૂતોની સ્થિતિ અંગે સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. જ્યારે પાક નિષ્ફળતા અંગે સરકાર યોગ્ય નિર્ણય લેશે તેમ તેઓએ ઉમેર્યું.

(BYTE: RISHIKESH PATEL, CABINET MINISTER)

("જે વરસાદનો સમયગાળો છે, એ સમયગાળામાં વરસાદ નથી આવ્યો એ હિસાબે... પશુધનને પણ ઘાસચારાની વ્યવસ્થા, જ્યાં બોરિંગ્સ છે, કુવાઓ છે અને સાથે તળાવોમાં સિંચાઈની વ્યવસ્થાઓ સરકારે કરી છે. મોનસૂન ખતમ થયા પછી નિયમો (નોર્મ્સ) મુજબ ખેડૂતોને જે સહાય આપવાની છે એ સરકાર આપશે. નિયમિતપણે ૮ કલાક વીજળી આપી રહ્યા છીએ, અત્યારે અમે ૨ કલાક વધારવાનો નિર્ણય કર્યો છે.")

CEC GUJARAT

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે 18 વર્ષ પૂર્ણ કરનાર દરેક પાત્ર ભારતીય નાગરિકને મતદાર યાદીમાં નામ નોંધાવી અચૂક મતદાન કરવા પર અનુરોધ કર્યો. અમદાવાદમાં ELC અને ECINET APP વિષયક પ્રાદેશિક પરિષદ દરમિયાન તેમણે ચૂંટણી પ્રક્રિયા વિશે યુવા મતદારોના વિવિધ સવાલો સાંભળીને તેમને માર્ગદર્શન પૂરું પાડ્યું.

(BYTE: GYANESH KUMAR, CEC)

("देश के लगभग 11 लाख बूथ लेवल ऑफिसर्स और 15 लाख से भी अधिक बूथ लेवल एजेंट्स जुड़े हुए हैं। भारत के सभी नागरिकों को मेरा यह अनुरोध रहेगा कि वो ECI NET ऐप ज़रूर डाउनलोड करें। उस पर अपना वोटर आईडी नंबर जैसे ही वो लिखेंगे, अगर उसके संबंधित उन्हें कोई भी परेशानी हो, तो 'Book a call to BLO' वाला अगर बटन दबाते हैं, तो हमारे BLO साहब या BLO मैडम उनसे संपर्क स्थापित करके उस समस्या का निराकरण करेंगे।")

અગાઉ તેમણે ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલા 'ઇન્ટરેકશન વિથ બુથ લેવલ ઓફિસર' કાર્યક્રમમાં રાજ્યના બૂથ સ્તરના અધિકારીઓ-BLO સાથે સંવાદ કરતાં તેમણે ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા અને લોકશાહીની મજબૂતી માટે BLOની નિષ્ઠા અને નિષ્પક્ષ કામગીરીને નિર્ણાયક ગણાવી.

આગામી ચૂંટણીઓમાં ગુજરાત વધુમાં વધુ મતદારોને ચૂંટણી પ્રક્રિયા સાથે જોડીને દેશ માટે નવો દાખલો સ્થાપિત કરે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

SURAT DIGITAL ARREST

સુરતના દંપતીની પાંચ દિવસ સુધી ડિજિટલી ધરપકડ કરનાર શખ્સ દિલ્હીથી ઝડપાયો છે. સુરત સાયબર ગુના શાખાએ દિલ્હીથી એક 35 વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે, જેણે સાયબર છેતરપિંડી માટે કથિત રીતે એક પુરુષ અને તેની પત્નીને પાંચ દિવસ માટે ડિજિટલી ધરપકડ કરી હતી અને તેમના બેંક ખાતાઓની ચકાસણી કરવાના બહાને તેમને 13 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. આરોપીની ઓળખ અફાક આલમ અંસારી તરીકે થઈ છે, જે મુંબઈના મલાડ પશ્ચિમમાં રહે છે અને મૂળ ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લાનો છે. પોલીસે જણાવ્યું હતું કે ટેકનિકલ તપાસ બાદ તેને દિલ્હીમાં શોધી કાઢવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ ફોન અને વિડીયો કોલ દ્વારા ફરિયાદીનો સંપર્ક કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેના નામે સિમ કાર્ડ મેળવવામાં આવ્યું છે અને તેની વિગતોનો ઉપયોગ કરીને કેનેરા બેંક ખાતું પણ ખોલવામાં આવ્યું છે.

VP DAMAN VISIT

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન આજથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની બે દિવસની મુલાકાતે છે. તેમણે આજે સિલવાસાના ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ ખાતે એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપી. તેમણે દાદરા અને નગર હવેલીને મીની ઈન્ડિયા ગણાવ્યું. તેમણે દમણની સામાજિક વિવિધતા, સાંસ્કૃતિક વારસો અને સંવાદિતાની ભાવનાની પણ પ્રશંસા કરી.

કાર્યક્રમ દરમિયાન તેમણે સ્થાનિક કારીગરોને અને શિલ્પકારોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત ટૂલ કીટનું વિતરણ કર્યું. ઉપરાંત નવનિયુક્ત શિક્ષકોને નિમણૂક પત્રો એનાયત કર્યા.

શ્રી રાધાકૃષ્ણને આજે સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિર અને નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તેમજ નમો હોસ્પિટલની મુલાકાત લીધી.

આ મુલાકાત દરમિયાન ઉપરાષ્ટ્રપતિ કેન્દ્રશાસિત પ્રદેશમાં ચાલી રહેલા વિકાસકાર્યો, આરોગ્ય, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રની વિવિધ પહેલોની પણ સમીક્ષા કરશે.

NITYANAND RAI

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે આજે અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે દરિયાકાંઠાનું માળખું, સુરક્ષા અને ટકાઉપણું અંગેની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ બે દિવસીય પરિષદમાં દરિયાકાંઠાનું માળખું, સુરક્ષા અને ટકાઉ વિકાસ પર અર્થપૂર્ણ ચર્ચા માટે પ્રતિષ્ઠિત શિક્ષણવિદો, સંશોધકો, નિષ્ણાતો અને હિસ્સેદારોને એકઠા થશે.

આ પરિષદનું આયોજન કેન્દ્ર સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય, ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી, સીમા જાગરણ મંચ, સિલ્વર ઓક યુનિવર્સિટી અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના સહયોગથી કરવામાં આવ્યું છે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

DESK

SCIENCE CITY – ASPIRE 2026

અમદાવાદના સાયન્સ સિટી ખાતે ઉડ્ડયન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે 'એસ્પાયર 2026 – શિક્ષણમાં ઉડ્ડયન કૌશલ્ય પ્રગતિ અને ઉદ્યોગ તૈયારી કાર્યક્રમ યોજાયો હતો. તેમાં સંરક્ષણ, નાગરિક ઉડ્ડયન, એરોસ્પેસ, નિયમન અને ઉદ્યોગ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા વક્તાઓ તેમજ તજ્જ્ઞોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

પૂર્વ એર ચીફ માર્શલ વિવેકરામ ચૌધરીએ વિદ્યાર્થીઓને હંમેશાં મોટાં સપનાં જોવા, લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા અને દેશનું ગૌરવ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.આ દરમિયાન યોજાયેલ વિવિધ સેશનમાં વિદ્યાર્થીઓને પાઇલટની કારકિર્દી ઉપરાંત એરલાઇન્સ, એરપોર્ટ્સ, એરોસ્પેસ, એરક્રાફ્ટ મેન્ટેનન્સ, એર ટ્રાફિક મેનેજમેન્ટ, નિયમન અને સંરક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે જાણકારી અપાઈ હતી.

BANK STRIKE

ગુજરાત સહિત દેશભરમાં આજથી બેંકોની દેશવ્યાપી હડતાળ અને રજાઓને કારણે સતત ત્રણ દિવસ બેંકની કામગીરી બંધ રહેશે. યુનાઇટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સે બે વર્ષથી પડતર અઠવાડિયામાં પાંચ દિવસ બેન્કિંગ કામગીરીની મુખ્ય માંગ સાથે આજે હડતાળનું એલાન કર્યું છે.રાજ્યમાં આશરે 75 હજાર બેંક કર્મચારીઓ અને અધિકારીઓ હડતાળમાં જોડાયા છે. તેના કારણે રાજ્યમાં આશરે 15 હજાર કરોડના બેંકિંગ વ્યવહારોને અસર થઈ છે.

ભરૂચમાં બેન્ક કર્મચારીઓએ વિવિધ માંગણીઓનો વહેલી તકે ઉકેલ લાવવા સરકાર અને સત્તાધીશોને રજૂઆત કરી હતી. તો વલસાડમાં પણ એક જ દિવસમાં આશરે 500 થી 700 કરોડ રૂપિયા સુધીના વ્યવહારો અટકી પડ્યા છે.

SHRAWAN - DISTRICT

પવિત્ર શ્રાવણ માસના છેલ્લા દિવસે આજે શિવમંદિરોમાં સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં આજે ભક્તિ અને આસ્થાનો અદભૂત માહોલ જોવા મળ્યો હતો. જૂનાગઢના દામોદર કુંડ ખાતે સર્વ પિતૃ અમાસ નિમિત્તે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ કુંડના પવિત્ર પાણીમાં સ્નાન કરી પોતાના દિવંગત સ્વજનોના મોક્ષાર્થે પ્રાર્થના કરી હતી.

તો બનાસકાંઠાના અંબાજી મંદિર, બાલારામ, પાલનપુર સહિત સમગ્ર જિલ્લાના મહાદેવ મંદિરોમાં યજ્ઞ જ્યારે બોટાદમાં બરવાળા પાસે પાંડવકાલિન ભીમનાથ મહાદેવ મંદિર પાસે નિલકા નદીના કાંઠે પ્રખ્યાત ભવ્ય લોકમેળો યોજાયો હતો.

ભાવનગરમાં કોળીયાકના નિષ્કલંક મહાદેવજીના દરિયામાં લાખો શ્રદ્ધાળુઓએ 'હર હર મહાદેવ'ના ગગનભેદી જયઘોષ સાથે પવિત્ર સમુદ્ર સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. તો દિવના વાત્સલ્ય સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોને આજે ગંગેશ્વર મહાદેવ મંદિરે દર્શનાર્થે લઈ જવાયા હતા. જ્યારે જામનગરના બાલાછડી દરિયાકિનારે આજે પિતૃ તર્પણ અને માવા અર્પણ કરવાની પરંપરા અતિ મહત્વની હોવાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

WEATHER FC

રાજ્યમાં આવતીકાલથી ચાર દિવસ ભારે વરસાદની આગાહી છે. જેમાં આવતીકાલે પૂર્વ, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થવાને કારણે વરસાદની શક્યતા છે તો બીજી તરફ 15 સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

(BYTE - A. K. DAS, DIRECTOR)

("11 से लेकर 17 सितंबर तक इसमें हल्के से मध्यम बारिश की संभावना रहेगी। यह जिले जो रहेंगे मुख्यतः आपके दक्षिण गुजरात और उससे सटे जो मध्य गुजरात है और सौराष्ट्र के जो जिले हैं, इनमें छिटपुट स्थानों पर भारी से बहुत भारी बारिश का पूर्वानुमान दिया गया है। तटीय क्षेत्रों में भी जो हवा की दिशा रहेगी, दक्षिण-पश्चिम से पश्चिम दिशा से हवा चलने की स्थिति बनी रहेगी, जिसकी गति 15 से 20 नॉट रहेगी।")

SPECIAL OLYMPICS EAST ASIA

પંચમહાલ જિલ્લાના જેપુરા ગામની 13 વર્ષની દિકરી છાયલ પરમારે હોંગકોંગ ખાતે યોજાયેલ 2026 સ્પેશિયલ ઓલિમ્પિક્સ ઈસ્ટ એશિયા રિજનલ બોલિંગ ચેમ્પિયનશીપમાં બે સુવર્ણ ચંદ્રક જીત્યા છે. બૌદ્ધિક દિવ્યાંગતા ધરાવતી છાયલની આ સિદ્ધિ આત્મવિશ્વાસ, સતત મહેનત અને યોગ્ય માર્ગદર્શનથી ઊભી થતી સંભાવનાઓનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે ભારતની ટીમમાં ગુજરાતમાંથી પસંદગી પામેલી ખેલાડીઓમાં માત્ર બે દીકરીઓનો સમાવેશ થયો હતો.

ઉલ્લેખનીય છે કે આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતીય ટીમે કુલ 20 મેડલ જીત્યા. જેમાં 10 સુવર્ણ , 7 રજત અને 3 કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.